ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૯-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### 'નાના માણસ'ની મોટી છલાંગ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના જન્મદિવસે જ પાડોશી મહાસત્તાના રાષ્ટ્રપતિને ગુજરાતમાં નોતરીને જરા જુદી જ તરાહની કૂટનીતિનો પરિચય આપ્યો છે. ચીન સાથેના સંબંધો વિશે આખી દુનિયા શંકાની નજરે જુએ છે છતાં છપ્પનની છાતી ધરાવતા ભારતના વડાપ્રધાને આટલી હિંમત દાખવી છે તે દાદને લાયક છે. સરદાર પટેલે ચીનનો વધુ પડતો વિશ્વાસ નહીં કરવાની તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને સલાહ આપેલી, એના દસ્તાવેજી પુરાવા રાષ્ટ્રીય અખબારોએ જાહેર કર્યા છે. એક રીતે આ નાક કાપીને અપશુકન કરાવવા જેવી ચેષ્ઠા જ ગણાય. પરંતુ ભારતમાં ચીન જેવું સામ્યવાદી શાસન નથી. મીડિયા પોતે જ અહીં ચોથી જાગીર જેવું સન્માનજનક સ્થાન ધરાવે છે. એટલે ચીનના ચહેરા પરથી નકાબ ઉતારવામાં એ પાછી પાની ન જ કરે એ સમજી શકાય એમ છે. ચીનના નેતાઓ પણ ભારતની પ્રજામાં એમના દેશ પ્રત્યે કેટલો સદ્ભાવ હોઈ શકે તે સમજી શકે છે. પરંતુ દક્ષિણ એશિયામાં સૌથી મોટા હરીફ તરીકે હરણફાળ ભરી રહેલ હિંદુસ્તાન સાથે દેખાવ પૂરતા પણ સુમેળભર્યા સંબંધો જાળવવાની એની વ્યૂહરચના - સ્ટ્રેટેજીને એ નવા સંદર્ભે, નવી નેતાગીરી સાથે આગળ ધરાવવા માગે છે. આમાં એની વ્યાપારિક ગણતરી ઉપરાંત ડિપ્લોમેટિક સ્ટ્રેટેજી છે. ચીની નેતાઓને કયારેક ભારત પ્રત્યે પ્રેમ વરસી જતો નથી, કારણ કે એમના દિમાગમાં હજી ૧૯૦૪ પહેલાંની ચીની સત્તાનો નકશો હટ્યો નથી. અંગ્રેજોએ તિબેટનો વહીવટ દિલ્હીથી શરૂ કર્યો હતો એમ નેપાળ અને ભુતાન તથા અરૂણાચલને પણ ચીનના બાદશાહી નકશામાંથી રદ કરી ભારત સાથે જોડી દીધાં હતા. બ્રિટીશ સત્તા ઉપરાંત અન્ય યુરોપીયન દેશો અને જાપાનના ત્રાસમાંથી મુક્ત થયેલું માઓત્સેતુંગનું વિશાળ ચીન વસતીની દૃષ્ટિએ વિશ્વનો સૌથી મોટો દેશ બની ગયો અને એની ગરીબીના એક માત્ર ઈલાજ લેખે પરિશ્રમનો મંત્ર સ્વીકારી આજની સ્થિતિએ પહોંચ્યો છે. સામ્યવાદી શાસનમાં પ્રજાનો અવાજ દબી જતો હોય છે પરંતુ ચીની પ્રજાને એ શિસ્ત અનુકૂળ આવી ગયું છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે એથી દુનિયા આખી એને મિત્રભાવે જુએ છે. ચીનનો વિશ્વાસ કોઈ જ કરતું નથી. તિબેટમાંથી જીવન લઈને નાઠેલા દલાઈ લામા ભારતમાં રહી તિબેટની આરઝી હકૂમત ચલાવે છે, તે ચીનને આંખના કણાની જેમ ખૂંચે છે. છતાં, ભારત સાથે બને ત્યાં સુધી ન બગાડવું અને પાડોશી પાકિસ્તાનને સતત ભારત વિરોધી પ્રવૃત્તિમાં આડકતરી મદદ કરતા રહેવું એ ચીનની પ્રસ્થાપિત અને જગજાહેર કૂટનીતિ છે. આ બધી બાબતોથી સુપેરે વાકેફ એવા વડાપ્રધાનશ્રીએ ચીની પ્રમુખને સામેની નોતરીને ભારે કુનેહ દર્શાવી છે, વળી ચીનના રાષ્ટ્રપતિ અમદાવાદની મુલાકાત લીધા પછી દિલ્હી જવાના છે, તે ઘટના ગુજરાતના ઈતિહાસમાં પણ યાદગાર બની રહેશે. પ્રોટોકોલ તોડીને જેમ ચીની નેતા ૧૬૦ સભ્યોના પ્રતિનિધિમંડળ સાથે અમદાવાદ પહોંચ્યા છે તેમ નરેન્દ્ર મોદી પણ એમને આલિંગવા એરપોર્ટ પર હાજર રહેશે એવી અફવા હતી તે ખોટી ઠરી છે. મોદીએ ચીની રાષ્ટ્રપતિનું રેડ કાર્પેટ સ્વાગત જરૂર કરાવ્યું પરંતુ જાતે એરપોર્ટ ન જઈને એમણે શી જિનપિંગને પહેલો આંચકો આપી દીધો છે. હવે 'શી' આપણા 'હી'-મેનને કેવો પ્રતિસાદ આપે છે તે જોવું રસપ્રદ બની રહેશે. સૌથી મોટુ આશ્ચર્ય સુષમા સ્વરાજની ગેરહાજરી રહી. નરેન્દ્ર મોદીએ ત્રિમંદિર ખાતે થયેલ ભવ્ય સન્માન સમારોહમાં પોતાના માટે 'હું નાનો માણસ છું' એવા વિનમ્ર અને સંવેદનાસભર શબ્દો વાપરી કાર્યકર્તાનાં દિલ જીતી લીધાં હતા. હકીકતમાં એ એમની વિનમ્રતા છે, નહીંતર સત્તાસ્થાને આરૂઢ થયાના સો દિવસના ગાળા દરમિયાન આ તથાકથિત નાના માણસે કેવી મોટી હરણફાળ ભરી છે તેની દુનિયા આખીએ નોંધ લીધી છે. પરંતુ દિલ્હીના મયૂરાસન પર આરૂઢ થયા પછી પણ પોતે માદરે વતનને નથી ભૂલ્યા તે ઘણી મોટી વાત છે. ચીનની પ્રગતિથી આખું વિશ્વ પ્રભાવિત બલકે આતંકિત છે ત્યારે એના રાષ્ટ્રપતિ ગુજરાતને પ્રગતિના પર્યાયસભા ચીની રાજય ગ્વાંગડોંગનું સિસ્ટર સ્ટેટ તથા અમદાવાદને ગ્વાંગઝુની સિસ્ટર સિટી બનાવવા આવે તે કોઈ નાનીસૂની ઘટના નથી. અમદાવાદ મેટ્રોમાં અને વડોદરામાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવા ઈચ્છુક ચીને જાપાન કરતાં વધુ ઝડપી બુલેટ ટ્રેન યોજના અમલી બનાવવાની ઓફર પણ કરી જ રાખેલી છે. મહાન ચીની પ્રવાસી હ્યુ-એન-સાંગ નાલંદા આવ્યા ત્યારે ગુજરાત પણ આવેલા. ચૌદસો વર્ષ પછી ચીનના રાષ્ટ્રપતિ જેવી મોટી હસ્તી ગુજરાતની મુલાકાતે આવી છે તેનો સંપૂર્ણ યશ નરેન્દ્ર મોદીના ડાઈનેમિક વ્યક્તિત્વને જ આપવો રહ્યો. બેઉ પાડોશી રાષ્ટ્રો વચ્ચે પ્રવર્તતા ક્ષુલ્લક સીમા વિવાદો ઉકેલાઈ જાય અને વ્યાપારી સંબંધો ઉપરાંત સાંસ્કૃતિક આદાનપ્રધાન તથા રાજકીય ગઠબંધન પ્રસ્થાપિત થાય તો ચીન સહિત ભારતીય ઉપખંડ એશિયાની મહાન અને અજેય તાકાત બની રહે, એમાં બે મત નથી. પરંતુ એ સારા દિવસો કયારે આવશે, તેની આગાહી તો કદાચ નરેન્દ્ર મોદી પણ કરી શકે એમ નથી.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મીડીયમની પ્રથમ સેમીસ્ટરની પરીક્ષાઓ ગઈકાલથી શરૂ થઈ ગઈ છે. સાથોસાથ અન્ય શાળાઓમાં પણ પરીક્ષાઓનો માહોલ છે. નવરાત્રી પહેલા પરીક્ષાઓ પૂર્ણ થશે. (તસવીર : કશ્યપ નીમાવત)

### શિક્ષણવિદ સ્વ. કિરીટભાઈ જોષીને શ્રધ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયના પૂર્વ શિક્ષણ સલાહકાર અને શિક્ષણવિદ કિરીટભાઈ જોષી ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ સ્વર્ગવાસી થયા છે તેમને તા. ૨૦ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫-૦૦ વાગે જી.સી.ઈ.આર.ટી. હોલ સેકટર-૧૨ ખાતે શ્રધ્ધાંજલિ આપવામાં આવશે.

સ્વર્ગસ્થ જોષી ગુજરાતની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન અને ગુજરાત એજયુકેશન ઈનોવેશન કમિશન જેવી સંસ્થાઓના જન્મ દાતા છે તેઓ શિક્ષણ સંબંધી દિશાબોધક અનેક પુસ્તકોના સર્જક છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ઋષિ તુલ્ય મહાન શિક્ષણવિદ્‌ને સ્મરણાંજલિ અર્પણ કરશે.

### હરિની દૃષ્ટિ...




## પ્રેરણા વિદ્યાલયની ફેન્સીંગ ટીમની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયકક્ષાની અન્ડર-૧૯ ફેન્સીંગ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પ્રેરણા વિદ્યાલયની ટીમે ભાગ લીધો હતો. વ્યકિતગત સ્પર્ધામાં યુવરાજસિંહ વાઘેલા પ્રથમ નંબરે વિજેતા થયા હતા જયારે સેબર વ્યકિતગત સ્પર્ધામાં ક્રિષ્ના ચૌહાણ પ્રથમ નંબરે આવ્યા હતા. તેમજ ઈ.પી. ટીમમાં યાદવ મનીષ, વાઘેલા યુવરાજસિંહ તથા મિસ્ત્રી પુનિતે ભાગ લીધો હતો. ટીમ પ્રથમ નંબરે વિજેતા થઈ હતી. સેબર ટીમમાં ઠાકોર કિંજલ, શાહ નેહા, મુનિયા સોનલ તેમજ ચૌહાણ ક્રિષ્નાએ ભાગ લીધો હતો. આ ટીમ પણ પ્રથમ નંબરે વિજેતા થઈ હતી જેથી રાષ્ટ્રીય કક્ષાએ રમવા માટે પસંદગી પામ્યા છે અને શાળાનું ગૌરવ વધારેલ છે. કોચ શ્રી ભરતજી ઠાકોર દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

પસંદગી પામેલા તમામ ખેલાડીઓને શાળાના ટ્રસ્ટીશ્રી નરેશભાઈ શાહ અને શ્રી પ્રદિપસિંહ વાઘેલા તથા આચાર્યશ્રી મનીષભાઈ ખત્રીએ સમગ્ર પ્રેરણા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

### જમીયતપુરા એસ.ટી. રૂટ શાળા સમયે દોડાવો

ગાંધીનગર ડેપો દ્વારા જમીયતપુરા બસ દોડે છે. જે ખાલી દોડતી હોય છે. તેની આવક પણ નથી તો જમીયતપુરાના બાળકો શેરથા ભણવા જાય છે જેથી બાળકોને અનુકુળ સમયે બસ દોડાવવી જોઈએ. કલોલ-જમીયતપુરા વાયા શેરથા ત્રિદેવ મંદિર રૂટ કરવો જોઈએ તો પુરતા મુસાફરો-વિદ્યાર્થીઓ મળી શકે તેમ છે.

### વિદ્યાર્થીઓના દાંતની ચકાસણી કરાઈ

લાયોનેસ કલબ દ્વારા સરગાસણમાં આવેલ ઈન્ફોસિટી સ્કૂલમાં દંત ચિકિત્સા કેમ્પ યોજવામાં આવ્યો છે. જેમાં શાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓના દાંતની ચકાસણી કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને દાંતની સફાઈ અને સફાઈના અભાવે થતા રોગોની માહિતી આપવામાં આવી હતી. ડૉ. સીમા પટેલ અને રિદ્ધિ પટેલે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

### જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં કારકિર્દી સપ્તાહ ઉજવાયું

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં રોજગાર વિનિમય કચેરી તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કારકિર્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

પર્યાવરણની અસર પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. વકતૃત્વ સ્પર્ધામાં મહિલા સશકિતકરણ વિષય હતો.

નિબંધ સ્પર્ધામાં શ્રધ્ધા ચૌધરી, જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય, શેખ આસિફખાનશ્રી યોગાનંદ હાઈસ્કુલ પેથાપુર, યુવરાજસિંહ વાઘેલા આરાધના સ્કુલના વિજેતા બન્યા હતા.

વકતૃત્વ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની પ્રગતિ ચૌધરી, બા શ્રી વંતકુંવરબા વિદ્યાલયની ક્રિષ્ના દવે વિજેતા બની હતી. રોજગાર વિનિમય કચેરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા કન્વીનરશ્રી સંતોકબેન ચૌધરીની રાહબરી હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

## ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીની રાજયકક્ષાના એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા.૧૭

ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીને ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ આપવામાં આવશે.

સેકટર-૭માં આવેલ ચૌધરી મહિલા કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને એન.એસ.એસ. શિબિર હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. કોલેજની વિદ્યાર્થીની કુ. વૃશાલી ચૌધરીને રાજયકક્ષાનો વર્ષ ૨૦૧૩-૧૪ માટેનો રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ એનાયત કરવામાં આવશે.

એન.એસ.એસ. સેલ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.જે આગામી તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાનાર કાર્યક્રમમાં એનાયત કરવામાં આવશે. કોલેજની વિદ્યાર્થીનીની એવોર્ડ માટે પસંદગી થવાથી કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

### વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં વિશ્વ ઓઝોન દિવસ મનાવવામાં આવ્યો હતો. શાળામાં ઓઝોન દિવસને લઈને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ધોરણ-૭ અને ૮ના વિદ્યાર્થીઓએ ઓઝોન અને તેની અસર, ગ્રીન હાઉસ ઈફેકટ, ગ્લોબલ વોર્મિંગ તેની અસર અને અટકાવવાના પ્રયત્નો જેવા વિષયો પર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.

### વારાહી કોલેજમાં ઓઝાન ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૭

સાબરમતી વારાહી એજ્યુકેશન કોલેજમાં ઓઝાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં તાલીમ લેતા તાલીમાર્થીઓએ ઓઝોન દિવસ અંતર્ગત વક્તવ્ય આપ્યું હતું. બી.એડ. ના તાલીમાર્થી કૌશિક જોરકરે ઓઝોન દિવસની વિસ્તૃતમાં માહિતી પુરી પાડી હતી. અને ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તૈયાર કરાયેલ માહિતી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.




### આહિર યુવા ફોરમ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગરના આહિર યુવા ફોરમ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૧૪મી સપ્ટેમ્બરે ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે આહિર સમાજનો સ્નેહમિલન સમારોહ પણ યોજાયો હતો.

આહિર યુવા ફોરમ દ્વારા સમાજના ધો. ૧ થી ૧૨ માં ભણતા તેમજ કોલેજ યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી ૪૮ જેટલા તેજસ્વી તારલાઓનું શિલ્ડ-પારિતોષિક તથા પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. આ ઉપરાંત આહિર સમાજના ગાંધીનગરમાં વસતા સભ્યો જેમને પ્રમોશન કે નવી નિમણુંક મળી હોય તેમનું સન્માન કરાયું હતું. આ સમારંભમાં દાતાઓનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભમાં બાળકોએ ગીત-સંગીત-નૃત્યનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો અને અંતમાં લોકડાયરો રજૂ કરી સૌરાષ્ટ્રની સંસ્કૃતિની રચનાઓ રજૂ કરાઈ હતી.

### ઉદયભાણજી ઈન્સ્ટીટયુટમાં હિન્દી પખવાડિયાની ઉજવણી

ઉદયભાણજી રીજીયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ સે-૩૦ ગાંધીનગરમાં તા. ૧૪ થી ૨૮ સપ્ટેમ્બર હિન્દી પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહનું ઉદઘાટન તા. ૧૬-૯-૨૦૧૪ના રોજ સંસ્થાના ડાયરેકટર શ્રી એચ.એસ.કે. તંગિરાલાએ કર્યું હતું. અને નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-પ્રાધ્યાપિકા (હિન્દી વિભાગ) ડૉ. બિન્દુબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિનોદકુમાર પાંડે દ્વારા હિન્દી દિવસ/ હિન્દી પખવાડિયા અંતર્ગત સંસ્થામાં આયોજિત વિવિધ સ્પર્ધાઓની માહિતી આપી હતી. અંતમાં એચડીસીએમ.ના કોર્સ કો-ઓર્ડીનેટર શ્રીમતી સી.આર. જાનીએ ઉપસ્થિત રહેલા સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કરેલ હતું.



### જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં ૧૮મો બાલફિલ્મ મહોત્સવ કયાં ઉજવાયો હતો ?
➜ હૈદરાબાદ
૨. ૨૦૧૩માં કોલકાત્તા ખાતે કેટલામો ફિલ્મ ફિલ્મોત્સવ યોજાયો ?
➜ ૧૯મો
૩. એશિયાનો સૌથી મોટો પશુમેળો કયાં યોજાય છે ?
➜ સોનપુર, બિહાર
૪. ૨૦૧૩માં એશિયાનો સૌથી મોટો પશુમળો કયારે ઊજવાયો હતો ?
➜ કાર્તિક પૂર્ણિમાના દિવસે
૫. ૨૦૧૩મા બીજા આંતરરાષ્ટ્રીય પર્યટન હાટનો તવાંગમાં આરંભ થયો, તે તવાંગ કયા રાજયમાં આવેલું છે ?
➜ અરૂણાચલ પ્રદેશ
૬. ૨૦૧૩મા બીજી ભારત-ફિલિપાઈન્સની દ્વિપક્ષીય સહકાર અંગે સંયુક્ત પંચની બેઠક કયાં મળી હતી ?
➜ મનીલા
૭. ૨૦૧૩માં વૃદ્ધોની સુખાકારીની બાબતમાં ભારતે વૈશ્વિક ધોરણે કયો ક્રમ પ્રાપ્ત થયો છે ?
➜ ૭૩માં
૮. ૨૦૧૩માં ચલચિત્ર કાનૂન અંગે રચાયેલી કઈ સમિતિએ તાજેતરમાં અહેવાલ સોંપ્યો ?
➜ મુકુદ મુદગલ સમિતિ
૯. ૨૦૧૩નું ૯મું રૂસ્તમ-એ આંતરરાષ્ટ્રીય ભારતીય સ્ટાઈલ કુસ્તી ટાઈટલ કોને જીત્યું ?
➜ સત્યવ્રત
૧૦. ૨૦૧૩માં ભારત અને ચીન બંને દેશો વચ્ચે કેટલામી સરહદ ચર્ચા યોજાઈ ?
➜ ૧૬મી
૧૧. ૨૦૧૩માં ૨૯માં વર્લ્ડ ઈકોનોમિક્સ ફોરમનું વાર્ષિક સંમેલન કયાં યોજાયું ?
➜ કોચીન - કેરળ
૧૨. ૨૦૧૩માં સૌથી નાની ઉંમરે આઈઆઈટીની પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થી કોણ છે ?
➜ સત્યમ
૧૩. ૨૦૧૩માં સૌથી નાની ઉંમરે આઈઆઈટીની પ્રવેશ પરીક્ષા પાસ કરનાર સત્યમની ઉંમર કેટલી છે ?
➜ ૧૩ વર્ષ
૧૪. ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા કુલ કેટલા પદ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી ?
➜ ૧૨૭
૧૫. ૨૦૧૪માં પ્રકાશિત થયેલ પુસ્તક 'બ્લડ ફયુડ : ઓબામા અને કિ્લંટન' ના લેખક કોણ છે?
➜ એડ્વર્ડ કલેન
૧૬. ૨૦૧૪ 'આંતરરાષ્ટ્રીય રેડિયો પુરસ્કાર'થી કોને સન્માનિત કરવામાં આવ્યા હતા?
➜ મનપ્રીતસિંહ
૧૭. ૨૦૧૪માં અમેરિકાના વાઈટ હાઉસ દ્વારા ચેમ્પિયન્સ ઓફ ચેંજ પુરસ્કાર કોને એનાયત થયો હતો?
➜ પ્રતિષ્ઠા ખન્ના
૧૮. ૨૦૧૪માં વિશ્વ બેંકે ભારતના કયા ક્ષેત્રના સુધાર માટે રિપોર્ટ જાહેર કર્યો હતો?
➜ ઉર્જા ક્ષેત્ર
૧૯. ૨૦૧૪માં ભારતીય મૂળના કયા ન્યાયધીશને સિંગાપોરના એટર્ની જનરલ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે?
➜ વી.કે.રાજા
૨૦. ૨૦૧૪માં નિધન પામનાર માયા એજિલો કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
➜ લેખાકાર (લેખન)

## બાળુડાઓની કેળવણી માટે મોટેરાઓનું ઉચ્ચ શિક્ષણ કયારે?

### વિચારોનાં મધુવનમાં
પ્રા. ડૉ. રાકેશ પટેલ

નરેન્દ્ર કેવળ વાંચી ખાનારો વિદ્યાર્થી નહોતો. તેને આખો દિવસ ચોપડીમાં માથું નાખીને બેસી રહેવાનું ગમતું ન હતુ. તેને રમવામાં કે ધાર્મિક પ્રવૃત્તિમાં સમય પસાર કરવામાં ખૂબ ગમતું હતું. તે નિયમિત કસરત કરતો હતો. તેને ધર્મ વિશે જાણવાની પહેલેથી જ ઈચ્છા નથી. માતાએ તેના આ રસના વિષયને વિકસાવવામાં મદદ કરી. વિચારી જુઓ, જો તેમની માતાએ માત્ર 'ભણ! ભણ!' નું રટણ કર્યું હોત તો? 'તું સારી નોકરી જ કર' - આવી ચીલાચાલુ સલાહ આપી હોત તો જગતને ભારતની આધ્યાત્મિક શક્તિનો પરિચય કરાવનાર સ્વામી વિવેકાનંદ પ્રાપ્ત થયા હોત ખરા?

આઈઝેક ન્યૂટનનાં ઘેટા જયારે ખોવાઈ જતાં અને તેના ઢોર બીજાના ખેતરમાં પાક ખૂંદી નાખતાં ત્યારે તે પોતે કાં તો ચોપડી વાંચતા, કોઈ પ્રયોગ કરતા, પોતાની બનાવેલી પાણીની ચક્કીની દેખરેખ રાખતા, અથવા પાસેના પાણીના ઝરામાંથી પિચકારી છોડતા અને તેમાંથી બનતા ઈન્દ્રધનુષને માણતા. આ પરથી તેઓની માતાને ખાતરી થઈ ગઈ કે, ખેતી કરવા માટે પોતાના દિકરાનું નિર્માણ થયું નથી. તેઓએ ન્યૂટની પ્રકૃતિ અને આવડતને ઓળખીને તેને વિકસાવવામાં મદદરૂપ થયા, છેવટે લોકોની નજરમાં તોફાની અને બેદરકાર લાગતો છોકરો બન્યો, સર આઈઝેક ન્યૂટન!

'શાળા કોઈ પણ હોય બાળક જો રોજ કશું શીખીને ન આવે તો તે શાળામાં જવાનું બંધ કરવું જોઈએ કે નહિં?' આ પ્રશ્ન જો વાલી ન પૂછી શકે તો તે માત્ર બાળકના પહેરેદાર કે ચોકીદાર છે. ભલે શાળા ઈન્ટરનેશલ કે ગ્લોબલ હોય તે બાળકને જિજ્ઞાસા અને વિસ્મયની દુનિયામાં હંકારી ન જાય તો તે ગામઠી 'ઈસકૂલ' માત્ર જાણવી. કંઈ નહીં તો સ્કૂલમાંથી આવેલ બાળકના ચહેરા પર ખુશી કે તરવરાટ દેખાય તો પણ માનજો કે તે કશુંક પામીને આવ્યો છે. આજની શિક્ષણ પદ્ધતિ સાપસીડીની રમત જેવી થઈ ગઈ લાગે છે. એક હોનહાર છોકરો ભણવામાં અવ્વલ હોય અને તેના બારમાનાં બોર્ડના ખૂબ સારા પરિણામ પછી 'કહેવાતા મોટા અને મોભાદાર' અભ્યાસક્રમમાં હઈસો-હઈસો કરીને ગોઠવી દીધો. દીકરાને તો એમ જ લાગે કે મારી કારકિર્દી હવે પૂરપાટ! અને ખરેખર તે સારા ટકાએ તે કહેવાતા અભ્યાસક્રમને ઓળંગી જાય છે. પણ જયારે તે સૌને ગમતા પણ તેને ઝાઝા ન ગમતા ક્ષેત્રમાં છેવટે બરાબર ન ગોઠવાઈ શક્યો. પણ જો તેને પસંદગીના ક્ષેત્રમાં મોકલાયો હોત તો તે ખૂબ આગળ નીકળી શક્યો હોત.

આપણે બાળકોની શારીરિક જરૂરિયાતો પાછળ જેટલું ધ્યાન આપીએ છીએ, તેટલું જ ધ્યાન જો તેમની માનસિક જરૂરિયાતોનું પણ લેવાય તો દરેક બાળક મહાન બની શકે છે. એક ખેડૂત બીજ રોપીને આરામ પર ઉતરી નથી જતો. તે બીજનાં વિકાસ અને પોષણ માટે જે જે જરૂરી છે, તે બધું તેને સમયાંતરે આપતો રહે છે. તેને છાંયાની જરૂર હોય, પાણીની ખપત હોય, ખાતરની આવશ્યકતા હોય અને નિંદામણને દૂર કરવું જરૂરી છે. માતૃપિતૃ આજ્ઞાના કેવા પરિણામ આવી શકે તેની દિવ્ય ઘટનાઓ આ દેશમાં ઘટી ગઈ છે. 'વીરવ્રત પરમ સામર્થ્ય' નામના પુસ્તકનો એક પ્રસંગ ઘણું કહી જાય છે.

એક વારશ્રી કાંચીપૂર્ણ કેશવાચાર્યજીના ઘરે આવ્યા. રામજુનાચાર્ય શ્રી કેશવાચાર્યજીના પુત્ર હતા. પિતાએ રામાનુજને કહ્યું, 'વસ્ત! શ્રી કાંચીપૂર્ણ સાક્ષાત્ વરદરાજ છે. તેની સેવા કરી પૂર્ણ અર્જિત કરો.' રામાનુજ શયનના સમયે શ્રી કાંચીપૂર્ણના ઓરડામાં ગયા અને તેમના આસનની નજીક પહોંચીને ભક્તરાજના ચરમ પોતાના ખોળામાં લઈ લીધા. શ્રી કાંચીપૂર્ણ સંકોચ સાથે બોલ્યા : 'આ સું વત્સ! તમે બ્રાહ્મણ છો અને હું શુદ્ર' રામાનુજે કહ્યું : 'ભક્ત શિરોમણિ! જાતિવિશેષ ભક્તિનું લક્ષણ નથી હોતું. જન્મથી નહિ, કર્મથી જ ભક્ત મહાન બને છે. આપ તો નરશ્રેષ્ઠ છો. આપની સેવા તો મારું સૌભાગ્ય છે મહારાજ!' શ્રી કાંચીપૂર્ણજી ભાવવિભોર થઈ બોલ્યા, 'પ્રભુ, તમારી ઈચ્છા પૂર્ણ કરો.' આટલું કહીને તે સૂઈ ગયા અને રામાનુજ શ્રદ્ધાથી તેમના પગ દબાવતા રહ્યા. સવારે ઉઠતા જ તેમણે રામાનુજને અષ્ટાક્ષર મંત્ર આપ્યો.' 'ઓમ નમો નારાયણાય' અને તેને કોઈ અન્યને ન બતાવવાની તેમને પ્રતિજ્ઞા પણ લેવડાવી. થોડા સમય પછી રામાનુજના હૃદયમાં એવી પવિત્ર ઈચ્છા જાગૃત થઈ કે બધાનું કલ્યાણ કેમ ન થાય? મંદિરના શિખર પર ચડીને રામાનુજે મંત્રનું ઉચ્ચારણ શરૂ કરી દીધું. દેખતા દેખતા બધા વર્ણના લોકો ઉપસ્થિત થઈ ગયા. બધાંએ મળીને 'ઓમ નમો નારાયણાય' મંત્રનું ઉચ્ચારણ કર્યું. સંયોગથી કાંચીપૂર્ણ પણ ત્યાં આવી ગયા. 'આ શું રામાનુજ! તમે પ્રતિજ્ઞા ભંગ કરી છે. આ અપરાધ માટે તમારે નરકમાં જવું પડશે.' કાંચીપૂર્ણે કહ્યું, રામાનુજ અવિચલ રહ્યા અને શાંત ભાવથી બોલ્યા, 'મહાત્મન! જો આ મંત્રના સાર્વજનિક ઉચ્ચારણથી અસંખ્ય પ્રાણી ભગવાનના ભક્ત બને અને ભવસાગરથી પાર થઈ જાય તો કોટિ કોટિ નરકોનાં દુઃખ સહન કરવા તૈયાર છું.' કાંચીપૂર્ણ મૌન રહ્યા તેમની આંખોમાં ઝળઝળીયાં હતા. મોંથી એટલું જ નીકળ્યું. 'પુત્ર! તમારું કલ્યાણ થાઓ. મારા આશિર્વાદ તમારી સાથે છે.'

દરેક માબાપને પોતાના બાળકને મહાન અને 'વેલ સેટ' તો બનાવવો હોય છે પણ તેના માટે તેણે પણ કંઈક આયોજન અને માથાકૂટ કરવી પડે. પ્રત્યેક બાળકમાં વિકસવાની અનંત ક્ષમતાઓ હોય છે. તે માટે ઘરમાં તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવામાં આપણે પાછા પડીએ છીએ.

પ્રત્યેક વ્યક્તિનું મગજ અસંખ્ય કોષો - 'ન્યુરોન્સ'નું બનેલું હોય છે. આ ન્યૂરોન એકબીજા સાથે ડાળીઓ દ્વારા જોડાયેલા હોય છે. આ ડાળી દ્વારા એક ન્યુરોન બીજા દસ બજારથી એક લાખ જેટલા જોડાણો રચી શકે છે. આપણા મગજમાં આવાં કુલ જોડાણોની સંખ્યા એક લાખ કરોડની છે. ન્યુરોનનાં જોડાણોની આંટીઘૂંટીની જટિલતાને જો સમગ્ર દુનિયાની બધી જ ટેલિફોન કંપનીઓના નેટવર્ક સાથે સરખાવીએ તો પણ બધા જ ટેલિફોનના જોડાણોની જટિલતા એ એક મગજની સામે માત્ર ૧૦% જેટલી જ છે. આપણા શરીરના કુલ વજનના પ્રમાણમાં મગજનું વજન માત્ર ૨% જેટલું છે. છતાં આપણે લીધેલાં ઓક્સિજનમાંથી ૨૧% જેટલો ઓક્સિજન તો મગજ જ લઈ લે છે. આપણા મગજમાં ૧ લાખ માઈલ લાંબી જ્ઞાનતંતુઓની જાળ છે, જેણે આધારે મગજ આપણી પાંચે ઈન્દ્રિયો પાસેથી કામ લે છે. આ ન્યુરોન્સ ઉપરાંત આપણા મગજમાં Glair Cells પણ આવેલા છે. તેની સંખ્યા ન્યુરોન્સ કરતાં પણ દસ ગણી વધુ છે. આવા અદ્ભૂત મગજની કોમ્પ્યુટરની સાથે સરખામણી કરવી શક્ય નથી, કારણ કે આપણું મગજ! ૧,૪૦,૦૦૦ બીટ્સ માહિતીને એક સેકન્ડમાં જ પોતાનામાં સમાવી લેવાની ક્ષમતા ધરાવે છે.

આ પૃથ્વી પરનાં પ્રત્યેક બાળક અખૂટ શક્તિનો સ્વામી છે. દરેક બાળક જન્મ સમયે ભલે કશું જાણતું કે કરતું નથી પણ તેનામાં અખૂટ કામ કરવાની બધી જ ક્ષમતાઓ ધરબાયેલી પડી હોય છે. જેમ કોઈ અંગારાને ધૂળમાં દાટી દેવામાં આવ્યો હોય તેમ.